Order

---

**<u>ફોજદારી કેસ નં.૨૦૭૪/૯૪</u>**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

મે. જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનો તા. ૦૯/૦૨/૨૦૧૮ નો પત્ર હુકમ નં. ડીસી/સીટીઝેડ/ મેટ્રો. કોર્ટ/લોકઅદાલત/ડોરમેન્ટ કેસ/પરત/૦૧/૨૦૧૮ થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્રથી જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદને આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ધણા લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે. વધુમાં આ કેસ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય, શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતું ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપૂર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય અને ન્યાયના હિતમાં જણાય છે, આથી નીચે મુજબ હુકમ કરૂં છું.

**<u>" હુકમ "</u>**

આથી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે. કબજે થયેલ મુદ્દામાલ માલિકની ખરાઈ કરી પરત કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૧૦/૦૨/૨૦૧૮
અમદાવાદ.

**( વિશાલ વિરેન્દ્ર શાહ)**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૪, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૭૧૯.